પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૩૨/ક્વા-૨/૨૧-૨૨/૭૬૯૪-૩ તા.૨૨-૧૨-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (**CGRF**)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG ૩૨/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર : રવીશ પેપર એલએલપી ગામ: ઘૂંટુ

રજૂઆત કરનાર : અરજદાર રવીશ પેપર એલએલપીના પાર્ટનર ભાવેશ કે. શેઠ અને તેમની સાથે એસ.પી. સીંધ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - મોરબી

રજૂઆત કરનાર : પી.પી.બાવરવા કાર્યપાલક ઈજનેર શ્રી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - મોરબી

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: **કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, મોરબી**

તારીખ: ૧૮-૧૨-૨૧ (શનીવાર)

૧.૦ **સદર કેઈસની ફરી વખત સુનાવણી** તારીખ:૨૧-૦૯-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી જે અનિવાર્ય કારણોસર રદ કરવામાં આવેલ હતી. ત્યારબાદ **સદર કેઈસની સુનાવણી તા.૦૩-૧૨-૨૧ ના રોજ રાખવામાં આવેલ હતી જે પણ અનિવાર્ય કારણોસર રદ કરીને તા.૧૮-૧૨-૨૧ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.**

## :: Applicant Representation ::

2.0 The appellant has represented the case as under:

2.1 Applicant represented that their company registered under LLP Act and MSME type of organization setting up a Green field project of Kraft Paper Mill at Village Ghuntu, District MORBI. For this project they have imported the state of the art Machinery from China and already installed around 80% of machinery. Balance machinery from China was about to arrive and Chinese Technicians were also planned to come down to their plant for erecting the said project. The said project was scheduled to be commissioned in

February 2020, but due to COVID-19 restrictions they are unable to import balance machinery and project delayed due to non-availability of technician their Visa was cancelled due to Covid-19 restrictions. The impact of Covid-19 is well known and still today we are facing problems at various places and working under several restrictions.

2.2 As Power is an important resource and its infrastructure and availability depend on many factors, applicant has applied well in advance for Power connection. Power connection agreement was signed on 15th October 2019 with PGVCL. The said Agreement is a pre-drafted format in which our details are fulfilled and submitted duly signed by applicant. It is important to point out that Consumer have no any choice to change or disagree with any of the terms of agreements which are more in favors of PGVCL and have no any protection for consumer. The Agreement have all protection for PGVCL but not a single for consumer, this is the situation of the Agreement. One of the examples is given below for reference only: -

- The Distribution Licensee shall, after the connection is temporarily disconnected as per above clauses, issue a notice to the consumer to remove the cause of disconnection within 180 days failing which the supply shall be disconnected permanently and the Agreement shall be deemed to be terminated immediately or after expiry of the initial period of agreement whichever is later, without prejudice to the rights of the Distribution Licensee or of the consumer under the Act for recovery of any amount due under the Agreement.

- On termination of the Agreement, the Distribution Licensee have right to remove service lines and other installation through which the supply of electricity was commenced and consumer has no right regarding refund of Service line charges paid initially while taking the service. Consumers shall be bear the estimated expenditure of removal of the apparatus and service line. The Distribution Licensee shall issue a demand note to the consumer in writing, under acknowledgement within 10 working days.

Due to Covid-19 and its impact everyone has suffered, one or other way. The economy & its health deteriorated and many measures were taken by Govt. and various entities to survive and revive.

2.3 Grievances and points to support the same:

In the above back ground the applicant written a letter on Dtd:22.05.2020 requesting to change the date of agreement of power connection, which is still virtual and no physical connection and power consumed by applicant in its factory. As a bonafied Citizen, applicant paid bill and requested to either postpone agreement or waive minimum bill which is being raised every month continuously. Applicant made a request to MD, PGVCL and different Govt. Authorities including Govt. of Gujarat etc. The details of all such important events and documents are mentioned following with their application and may be treated part of the said grievances.

| Sr. No. | Date | Description of Event/ Documents |
|---|---|---|
| 1 | 06.12.2018 | Applicant are setting up a Green field project of Kraft Paper Mill at Village Ghuntu, District MORBI, with total project cost 20 Crores (P & M -12 Crores+ Other including Working capital) |
| 2 | 15.10.2019 | An agreement signed on 15th October for 2019 Electrical connection, |
| 3 | 30.01.2020 | The World Health Organization (WHO) declared the COVID-19 outbreak a Public Health Emergency of International Concern (PHEIC) on 30 January 2020 |
| 4 | 02.02. 2020 | Machinery imported from China and already installed around 80% of machinery and project was scheduled to be commissioned in February 2020, |
| 6 | 04.02.2020 | Government of India on February 4, 2020 Tuesday banned all India-bound airlines from boarding any passengers from China and cancelled all existing Indian visas, and |
| 7 | 22.02.2020 | Our virtual connection were released on 22-02-2020 and we have received the 1st HT Bill for the Month of FEB-2020 of Demand charges even though we are not physically connected with GRID. |
| | 24.03.2020 | Complete lock down imposed on 24/03/2020 (Gazzett Notification) |
| 8 | 18.3.2020,<br>19.4.2020<br>19.5.2020 | 3 Bills on 18.3.2020, 19.4.2020 and 19.5.2020 out of which Demand charges of Bill dated 19.4.2020 was waived as per the GR No. GUV-122020-145-K.1 dated 27.3.2020 |
| 9 | 22.05.2020 | The Managing Director, PGVCL., RAJKOT, for Extension in Date of commencement of the Agreement, |
| 10 | 26.05.2020 | Letter to MD and CM, Energy Minister, Our Local MP & MLA to take grievance sympathetically. |
| 11 | 29.05.2020 | Reply from Executive Engineer for waiver of April charges as declared by Govt. |
| 12 | 01/06/2020 | Disconnection Notice |
| 13 | 04.06.2020 | Letter from MP, Rajkot to MD, PGVCL to consider request of extension, |
| 14 | 12.06.2020 | Letter regarding payment of minimum charges by Supdt. Engineer, Morbi |
| 15 | 15.06.2020 | Letter to Executive Engineer regarding our pending request and not to disconnect (Virtual |

| | | |
|---|---|---|
| | | disconnection only as no physical connection given) |
| 16 | 20.06.2020 | Dy CM office forwarded letter to Energy Ministry for considering request, |
| 17 | 02.07.2020 | Ravish request letter to Energy Minister, Guj. Govt. |
| 18 | 31.08.2020 | CM office letter to Energy Ministry for considering request, |
| 19 | 28.01.2021 | Ravish request reminder letter to Energy Minister, Guj. Govt. |
| 20 | 02.02.2021 | Letter of Executive engineer to Supdt Engineer, copy to Ravish, justifying bills and directing to payment outstanding amount. |
| 21 | 06.02.2021 | Letter of Executive engineer to Ravish, justifying bills and denying our request on the basis of policy matter, copy to Supdt. Engineer, |
| 22 | 24.06.2021 | Letter of Executive engineer to Ravish for renewal of bank Guarantee and test report for release of connection and balance payment of minimum demand charges. |
| 23 | 19.07.2021 | Renewed Bank Guarantee submitted to PGVCL on |
| 24 | 26.07.2021 | Meet Energy Minister with Representation dated 26/07/2021 to consider our request. |

2.4 The Executive Engineer PGVCL finally vide their letter dated 06.02.2021 informed the applicant that their request cannot be considered as a policy matter and asked us to deposit the amount and get power connected. No any detailed reason was given for denial of our request to postpone the Agreement or waive the monthly fixed charges.

2.5 Being aggrieved by above communication, applicant has submitting following towards their view point.

1. COVID-19 is a natural disaster and termed as Act of God hence it is a force majeure conditions and during these uncertain circumstances applicant has forced to delay the project and requested accordingly.
2. The World Health Organization (WHO) declared the COVID-19 outbreak a Public Health Emergency of International Concern (PHEIC) on 30 January 2020 and a pandemic on 11 March 2020.
3. The Govt of India have imposed restrictions on Dtd: 24/03/2020 and till now more than 100 Circular were issued to save life of people, livelihood and economy. The List is enclosed with their representation for reference
4. PGVCL have neither incurred a single rupee for any facility, nor a single unit of power is consumed by applicant, under the above connection, but applicants have already deposited Rs.1854258 towards estimate and executed Bank Guarantee of Rs.4400000 Lakhs on which applicant is paying interest to Lenders.
5. The request made by Applicant is not a normal request but an extra ordinary circumstance arises due to Covid-19, which is greatest health havoc for mankind in recent times, and the same dealt with sympathy and in special category and not by Jorgen of regulations.
6. In many cases, where contracts are partly executed but held up due to Covid-19, waiver were granted project specific or organization specific and in many cases extension were granted, like Bank, Courts, NHAI and others, resulting partial relief to the entity based on specific circumstances arises due to Covid-19, where as in our case PGVCL have loose nothing.
7. Applicant have no choice to terminate the agreement, as they are already delayed and to start manufacturing they require power, for which PGVCL as asking to clear the dues, arises due to agreement.
8. The Forum is a statutory body constituted for redressal of grievances of consumers, as per provisions of section 42(5) of Electricity Act-2003, have all power to resolve the grievance of applicant as the request of applicant is within the framework of law and arises due to natural calamity of Covid-19, and deserve special treatments.

2.6 In view of above facts and special circumstances the Applicant pray as under: -

1. Request the Forum either to extend the date of commencement of the Agreement from actual date of physical connection or waive all the minimum demand charges for the said period.
2. Any other relief as deem fit to Forum on the special facts and circumstances.
3. A personal hearing is requested to preset our case in person.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે ગ્રાહક શ્રી મે. રવિશ પેપર એલએલપી ના નામથી **975 KVA** નું નવું **H.T.** વિજકનેક્શન માંગવામાં આવેલ છે જેનો ગ્રાહક નંબર ૩૩૯૫૭ છે.

૩.૧ સદર ગ્રાહક દ્વારા અંદાજપત્રની રકમ ભર્યા બાદ તા.૧૫.૧૦.૨૦૧૯ નાં રોજ એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે જેની નકલ ગ્રાહકને તા.૧૬-૧૦-૧૯ થી મોકલેલ છે. ત્યારબાદ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા પાવર સપ્લાય આપવાની બધી જ પ્રક્રિયા પૂરી કરી અને ગ્રાહકને વિજપુરવઠો ચાલુ કરાવવા માટે જરૂરી ટેસ્ટ રિપોર્ટ રજુ કરવા માટેની નોટીસ (રિલીજ ઓર્ડર સપ્લાય કોડ ૨૦૧૫ ક્લોજ નંબર ૪.૪૨) પત્ર નં. **EEMRB/T-2/RPB/HT RO/8525/10196/ DT.24.12.19** થી ગ્રાહકને આપવામાં આવેલ છે. કંપનીના નિયમ મૂજબ નોટીસ આપ્યાના ૬૦ દિવસમાં ગ્રાહક તરફથી જો વિજપુરવઠો મેળવવા માટે જરૂરી ટેસ્ટરિપોર્ટ રજુ કરવામાં ન આવે તો ત્યારબાદ મિનિમમ ચાર્જ મૂજબ બિલિંગ ચાલુ કરવામાં આવે છે. તે મૂજબ સદર નોટીસ આપ્યા ના ૬૦ દિવસમાં ગ્રાહક તરફથી વિજ પુરવઠો મેળવવા માટે નો જરૂરી ટેસ્ટ રિપોર્ટ રજુ ન થતાં મિનિમમ ચાર્જ નું બીલ તા.૨૨.૦૨.૨૦ થી શરૂ કરવામાં આવેલ છે.

૩.૨ ગ્રાહકની રજુઆત મુજબ કોરોના અને લોકડાઉનને કારણે એગ્રીમેન્ટની અમલવારી મુદત વધારી આપવા અથવા કનેક્શન ફિજિકલી રિલીજ ન થાય ત્યાં સુધીના મિનિમમ ચાર્જનાં બિલો માફ કરવા માટેની રજૂઆત કરેલ છે.

૩.૩ સરકારશ્રી ની ગાઈડલાઈન મુજબ તેમજ પીજીવીસીએલનાં પરિપત્ર મુજબ જે ગ્રાહકોનો વીજવપરાશ એપ્રિલ-૨૦૨૦ નાં મહિનામાં ૫૦% કરતા ઓછો હોય તેવા ગ્રાહકોના ડિમાન્ડ ચાર્જની રકમ માફ કરવામાં આવેલ હોય સદર ગ્રાહકનો પણ ડિમાન્ડ ચાર્જ એપ્રિલ-૨૦ના માસ નો માફ કરવામાં આવેલ છે. તદુપરાંત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ તેમજ પીજીવીસીએલનાં અન્ય પરિપત્ર મુજબ મે-૨૦ માસનો ડિમાન્ડચાર્જ જમા આપી કુલ 0૪ હપ્તામાં (સપ્ટે-૨૦ થી ડીસે-૨૦.) વસુલ કરવા જણાવેલ તે મુજબ સદર ગ્રાહક ને પણ લાભ આપવામાં આવેલ છે. આ બને હકીકતો ગ્રાહક ની લેજર શીટમાં જોવા મળે છે.

૩.૪ ગ્રાહક ની રજુઆત મુજબ અન્ય કોઈ વીજબિલમાં લાભ કોરોનાના કારણે આપી શકવાનો પરિપત્ર હાલ માં ન હોય સદર બાબત નીતિવિષયક હોય ગ્રાહક દ્વારા કરવામાં આવેલ રજૂઆત માન્ય રાખી શકાય નહિ.

૩.૫ સદર ગ્રાહક દ્વારા બિલિંગ ચાલુ થયું ત્યારથી અત્યાર સુધીમાં માત્ર એક જ વખત તા.૧૬.૦૩.૨૦૨૦ ના રોજ રૂ.૪૪૨૮૭.૦૦ ભરપાઈ કરવામાં આવેલ છે જેને કારણે હાલમાં ગ્રાહકના માર્ચ-૨૦૨૦ થી નવેમ્બર-૨૦૨૧ નાં બાકી વિજબિલો ના રૂ.૩૨૦૩૪૯૭.૯૦ (બત્રીસ લાખ ત્રણ હજાર ચારસો સતાણું ને નેવું પૈસા પુરા) બાકી છે. ગ્રાહક ની પીજીવીસીએલ પાસે રુ.૪૪.૦૦ લાખ ની બેંક ગેરન્ટી ડીપોજીટ પેટે જમા છે.

૩.૬ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારનો પત્ર તા.૧૮-૧૨-૨૦૨૧ થી રજુ કરેલ તે મુજબ અરજદાર ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ – રાજકોટના નિર્ણય મુજબ રકમ ભરવાની થાય તે જમા કરાવીને ચાલુ રાખવાની તેમજ એગ્રીમેન્ટના ૦૨ વર્ષ પૂર્ણ થયે સદર વીજજોડાણ રદ ન કરવા અરજદારે રજૂઆત કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદારની રજૂઆત મુજબ રવીશ પેપર એલ.એલ.પી.ના નામે નવું **975 KVA** નું **H.T.** ગામ ઘૂંટુ તા.મોરબી ખાતે પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી મોરબીમાં તા.૧૯-૦૯-૨૦૧૯ના રોજ અરજી કરેલ.

ત્યારબાદ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા જરૂરી કાર્યવાહી કરીને તા.૦૭-૧૦-૨૦૧૯ ના રોજ ભાવપત્રક અપાયેલ છે. જેમા નીચે મુજબની રકમ વસુલેલ છે.

| ITEM DESCRIPTION | QTY | ESTIMATED VALUE (Rs). |
|---|---|---|
| 11 KV DP STRUCTURE AT CONSUMER END WITH HG FUSES, AB SWITCH and LA FOR MOUNTING CTPT Set USING 11 MTR LONG RSJ POLES | 1 | 83062.00 |
| 11:11 KV 55MM2 AAAC- PSC | 1.6 KM | 513101.00 |
| Service Connection Charges | 1 | 16000.00 |
| 1: 11 KV Tapping From Existing Pole | 1 | 7429.00 |
| 02:D.P- 11KV HG FUSES-ABS | 1 | 49676.00 |
| 61:11KV OUT- CABLEBOX 185MM2 | 2 | 5250.00 |
| 11 KV LINE USING ABC OF SIZE 11 KV 3x 70 SQMM + 1x70 SQ MM ON 8 MTR PSC POLE | 0.01 KM | 9740.00 |
| Security Deposit for Industrial High Voltage | 1 | 4494558.00 |
| 96 PRORATA CHARGES Power Supply from 66/22/11/KV GETCO Sub Station | 1 | 1170000.00 |
| **Total** | | Rs. 6348816.00 |

ઉપરોક્ત ભાવપત્રકની રકમ અરજદાર દ્વારા તા.૧૧-૧૦-૨૦૧૯ ના રોજ ભરપાઈ કરેલ ત્યારબાદ પી.જી.વી.સી.એલ. પક્ષકાર સાથે તા.૧૫.૧૦.૨૦૧૯ નાં રોજ જરૂરી એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે.

૪.૨ ત્યારબાદ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રીલીઝ ઓર્ડર તા.૨૪-૧૨-૨૦૧૯ ના રોજ અરજદારને મોકલી આપેલ છે તે મુજબ અરજદારે વીજજોડાણ ચાલુ કરવાની જરૂરી કાર્યવાહી સદર રીલીઝ ઓર્ડરની તારીખથી **(N.O.C. From G.P.C.B. Gandhinagar and Test report)** દિવસ-૬૦ માં પૂર્ણ કરવાની રહેશે અન્યથા કરારિત વીજભાર **975 KVA** મુજબ મીનીમમચાર્જનું બીલ ચાલુ કરી દેવામાં આવશે. પરંતુ અરજદાર દ્વારા સદર કાર્યવાહી પૂર્ણ ન કરતા તા.૨૨-૦૨-૨૦૨૦ થી ગ્રાહક નં-૩૩૯૫૭ થી મીનીમમ ચાર્જનું બીલ ગ્રાહક નંબર ૩૩૯૫૭ થી ચાલુ કરેલ છે. જેની જાણકારી અરજદારને તા.૨૯-૦૫-૨૦૨૦ ના લેખિત પત્ર દ્વારા કરાયેલ છે તે મુજબ તા.૨૨-૦૨-૨૦૨૦ થી મીનીમમ ચાર્જનું વીજબીલ બનાવવાનું ચાલુ કરેલ છે.

૪.૩ અરજદાર દ્વારા માહે ફેબ્રુઆરી-૨૦૨૦નું વીજબીલ ભરપાઈ કરેલ છે. પરંતુ માહે માર્ચ-૨૦૨૦ નું બીલ ભરપાઈ કરેલ નથી. ત્યારબાદ, સરકારશ્રીની **Covid-19** ના પરિપત્ર મુજબ, માહે એપ્રિલ-૨૦૨૦ ના વીજબીલમાં ડિમાન્ડ ચાર્જ માફ કરેલ છે. તદુપરાંત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ તેમજ પીજીવીસીએલનાં અન્ય પરિપત્ર મુજબ વીજબીલ માહે મે-૨૦૨૦ માં ડિમાન્ડચાર્જ જમા આપી કુલ **0**૪ હપ્તામાં (સપ્ટે-૨૦ થી ડીસે-૨૦.) વસુલ કરવા જણાવેલ તે મુજબ સદર ગ્રાહક ને પણ લાભ આપવામાં આવેલ છે. ગ્રાહકની રજૂઆત મુજબ કોરોના અને લોકડાઉનના કારણે એગ્રીમેન્ટની અમલવારીની મુદત વધારી આપવા અથવા જોડાણ ફીઝીકલ રીલીઝ ન થાય ત્યાં સુધી મીનીમમ ચાર્જના બીલ માફ કરવા અત્રેના ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૪.૪ અરજદારની રજૂઆત મુજબ તેઓની પેપરમિલની ફેક્ટરી સ્થાપવા માટેની જરૂરી મશીનરી ચાઈના સ્થિત કંપની પાસેથી ૮૦% આયાત કરેલ છે. બાકીની મશીનરી અને મશીનરીની સ્થાપના માટે ચાઇનીઝ ટેકનીશીયન માહે ફેબ્રુઆરી-૨૦૨૦ મા આવવાનું પ્લાનિંગ કરેલ હતું. પરંતુ તા.૦૪-૦૨-૨૦૨૦ થી ભારત સરકાર દ્વારા ચાઇનાથી આવતા કોઈપણ યાત્રી માટે એરલાઈન રદ કરવામાં આવેલ હતી. તેમજ સદર ફેક્ટરીને ચાલુ કરવાનું પ્લાનિંગ એપ્રિલ-૨૦૨૦ માં કરેલ હતું પરંતુ કોવિડ-૧૯ ની મહામારીના કારણોસર સદર કામગીરી પૂર્ણ કરવા સક્ષમ રહેલ નથી.

૪.૫ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારની તા.૧૮-૦૩-૨૦૨૦, તા.૧૯-૦૪-૨૦૨૦ અને તા.૧૯-૦૫-૨૦૨૦ માંથી તા.૧૯-૦૪-૨૦૨૦ના વીજબીલમાં આવેલ ડિમાન્ડ ચાર્જની રકમ **G.R.No.–GUV-122020-145-K.1**

**Dtd:27-03-2020** કોરોના-૧૯ની મહામારી અંતર્ગત ઉદભવેલ અસાધારણ પરિસ્થિતિમાં એચ.ટી. વિજગ્રાહકોના માહે એપ્રિલમાં રાહત મળેલ છે. વધુમાં અરજદાર દ્વારા ટેસ્ટરીપોર્ટ રજુ કરેલ ન હોવાથી મીટર લગાડેલ નથી તેમજ અરજદારની રજૂઆત મુજબ એગ્રીમેન્ટની સમયમર્યાદામાં વધારો કરી આપવાની બાબત નીતિ-વિષયક હોય તેમાં અમલવારીના સમયમાં ફેરફાર થઇ શકે નહિ. જે અન્વયે નિયમાધીન મીનીમમ ચાર્જ કંપની દ્વારા વસુલવા પાત્ર છે.

૪.૬ ફોરમની સુનાવણી દરમ્યાન અરજદાર દ્વારા બાકી રહેલ મીનીમમ બીલની કુલ રકમ ૩૩૬૪૦૩૭.૯૦ (તેત્રીસ લાખ ચોસઠ હજાર સાડત્રીસ**)** માહે ડિસેમ્બર-૨૦૨૧ સુધીમાં બાકી રકમ રહેલ છે જેના વ્યાજ વગરના ૨૦ (વીસ) હપ્તા કરી આપવા અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારની રજૂઆત મુજબ તેઓના સદર પ્લાન્ટની મશીનરીની ઇન્સ્ટોલેશનની કામગીરી લોકલ મેન પાવર દ્વારા પૂર્ણ થવામાં છે. તેમજ કોઈ દંડનીય રકમ ન ઉમેરવા અને એગ્રીમેન્ટનો સમય ૦૨ વર્ષ પૂર્ણ થવામાં હોય સદર જોડાણ રદ ન કરવા વિનંતી કરેલ છે.

૪.૭ નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૪.૪૨ કલમ અંતર્ગત “On completion of the work, Licensee shall inform to the applicant for availing the power supply and if the applicant fails to avail of the power within the period of sixty days from such intimation, he shall be liable to pay the demand charges and minimum monthly charges as applicable. The Distribution Licensee may, in special circumstances, extend the above period of sixty days. **”**

**“**Provided further that if the applicant chooses to get the extension work done on his own, he shall get the work done within the timeframe specified in GERC (Standard of Performance of Distribution Licensee) Regulations, 2005, as amended from time to time, failing which the licensee shall issue notice to complete work and avail power supply within 60 days from such notice, on completion of notice period, he shall be liable to pay demand charges and minimum monthly charges as applicable**.”**

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં ૪.૫,૪.૬ અને ૪.૭ મુજબની વિગતે, પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરાયેલ કાર્યવાહી નિયમાધીન યોગ્ય છે તેમજ ફરિયાદી અરજદારનો પ્લાન્ટ માહે ફેબ્રુઆરી-૨૦૨૦ માં ચાલુ કરવાનું આયોજન હતું પરંતુ કોરોના વાયરસ (**COVID-19**) કારણે ઉદ્ભવેલ અસાધારણ પરિસ્થિતિને કારણે પ્લાન્ટ ચાલુ કરી શકેલ ન હોય, કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ અરજદારના વીજબીલ માહે ડિસેમ્બર-૨૦૨૧ સુધી બાકી રહેલ રકમને ૦૪ (ચાર) સરખા વ્યાજ વગરના માસિક હપ્તા કરી આપવા ફોરમ દ્વારા નિર્ણય કરેલ છે. જે હપ્તાની રકમ અરજદારે તેઓનું વીજજોડાણ ચાલુ કરવા માટે તા.૩૧-૦૧-૨૦૨૨ પહેલા પ્રથમ હપ્તાની રકમ ભર્યા બાદ તેમજ ટેસ્ટ રીપોર્ટ રજુ કર્યા બાદ નિયમાનુસાર વીજજોડાણ ચાલુ કરવા પી.જી.વી.સી.એલ. ને સુચના આપવામાં આવે છે. ત્યારબાદ બીજા, ત્રીજા અને ચોથા હપ્તાની રકમ તા.૨૮-૦૨-૨૦૨૨, તા.૩૧-૦૩-૨૦૨૨ અને તા.૩૦-૦૪-૨૦૨૨ ના રોજ ભરપાઈ કરવાના રહેશે**,** તેમજ માહે જાન્યુઆરી-૨૦૨૨ થી રેગ્યુલર બીલ ભરપાઈ કરવાના રહેશે અન્યથા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવાની રહેશે.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૮ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૧૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯